શિક્ષણનો અધિકાર
સર્વ શિક્ષા અભિયાન
સૌ ભણે, સૌ આગળ વધે

# ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેક્ટ ઓફિસ, સમગ્ર શિક્ષા,
સેક્ટર–૧૭, ગાંધીનગર–૩૮૨ ૦૧૦, ગુજરાત રાજ્ય
ફોન : ૦૭૯–૨૩૨ ૩૮૪૦૪

ક્રમાંક : એસએસએ/ક્યુઈસેલ/૨૦૨૦/૨૨૫૮૮-૬૫૦ તારીખ : ૨૦/૦૭/૨૦૨૦

પ્રતિ
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી
જિલ્લા. તમામ

**વિષય: ધોરણ–૯ થી ૧૨ માં હોમ લર્નિંગ અંતર્ગત ઓનલાઈન (વર્ચ્યુઅલ કલાસરૂમ) બાબત**
**સંદર્ભ : અત્રેની કચેરીના પત્રક્રમાંક : નં. એસએસએ/મકમ/૨૦૨૦/૧૬૬૯૨–૧૬૭૯૬, તા.૧૨.૬.૨૦૨૦**

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, સંદર્ભદર્શિત પત્રની રાજયની તમામ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓ માટે હોમ લર્નિંગ અંતર્ગત અલગ અલગ માધ્યમથી શૈક્ષણિક કાર્ય શરૂ કરવામાં આવેલ છે.

માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના વિદ્યાર્થીઓ માટે દૂરદર્શન કેન્દ્ર, અમદાવાદ ધ્વારા ડીડી ગિરનાર ચેનલ ઉપર ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષકો ધ્વારા તૈયાર કરવામાં આવેલ શૈક્ષણિક કાર્ય (૧૨.૦૦ થી ૦૧.૦૦ તેમજ ૩.૦૦ થી ૪.૦૦ કલાકે) પ્રસારણ કરવામાં આવી રહેલ છે. વિદ્યાર્થીઓને પાઠયપુસ્તકો પણ પહોંચાડવામાં આવેલ છે. સમગ્ર શિક્ષા ધ્વારા દર માસના પ્રથમ શનિવારે ધો.–૯ થી ૧૨ વિષય (NCERT ધ્વારા તૈયાર કરેલ ધો.–૯ થી ૧૨ નું ગણિત અને વિજ્ઞાન વિષયના એકઝાપ્લરનું ગુજરાતી ભાષાંતર પાઠયપુસ્તક મંડળ ધ્વારા કરવામાં આવેલ છે.) નું જુન–જુલાઈ માસનું મટીરીયલ સોફટકોપીમાં મોકલી આપવામાં આવેલ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ ધ્વારા બાયસેગના માધ્યમથી વંદે ગુજરાત ચેનલ ઉપરથી પ્રસારણ કરવામાં આવી રહેલ છે. વિદ્યાર્થીઓ જાતે શિક્ષણ કાર્ય કરી શકે તે માટે બોર્ડ ધ્વારા જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી મારફત પણ ધો.–૯ થી ૧૨ ના વિષયોનું સાહિત્ય સોફટકોપીમાં તૈયાર કરવામાં આવે છે તે વિદ્યાર્થીઓને મોકલવામાં આવી રહયું છે.

હાલ કોવિડ–૧૯ ને કારણે શાળાઓ ખુલી ગયેલ છે પરંતુ અનલોક–૨ ની ગાઈડલાઈન પ્રમાણે બાળકોને શાળામાં બોલાવી શકાતા નથી. આથી હોમ લર્નિંગ અંતર્ગત ઓનલાઈન શિક્ષણ આપવાનું નકકી કરવામાં આવેલ છે.

જે અંતર્ગત સમગ્ર શિક્ષા ધ્વારા તા.૨૧.૦૭.૨૦૨૦ થી હાલ પ્રારંભિક તબકકે ધો.–૯ થી ૧૦ ના ગણિત–વિજ્ઞાન વિષયો (૪૫ મિનિટના બે તાસ) માટે વર્ચ્યુઅલ કલાસ શરૂ કરવામાં આવનાર છે.

E:\D\Doordarshan Home Learning\Home Learning Planning.docx

૨૯-૭-૨૦૨૦

શ્રી નૈનેશભાઈ ... શાખાને જાણ કરીએ.

Scanned with CamScanner

આ કાર્યક્રમ ઓનલાઈન બ્રોડકાસ્ટ મોડમાં સમગ્ર શિક્ષા તેમજ CCC ખાતેથી Microsoft Teems દ્વારા પ્રસારિત કરવામાં આવશે. આ માટે હાલ સરકારી, RMSA, મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ, કે.જી.બી.વી. માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓના શિક્ષકો અને વિદ્યાર્થીઓ માટે User ID ક્રિએટ કરવામાં આવેલ છે. આ શિક્ષકોની તાલીમ પણ કરી દેવામાં આવેલ છે. આ તાલીમ માટેનો વિડિયો તેમજ મોડયુલની સોફ્ટ કોપી પણ આ સાથે સામેલ છે.

ગ્રાન્ટેડ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તેમજ અન્ય ડિપાર્ટમેન્ટની માધ્યમિક શાળાઓને પણ આ ફેસેલીટીમાં જોડાવવામાં આવનાર છે. તેમના User ID ક્રિએટ કરવાની કામગીરી ચાલું છે ત્યારબાદ તેમની પણ તાલીમનુ આયોજન કરવામાં આવનાર છે.

આ વર્ચ્યુઅલ ક્લાસરૂમનું પ્રસારણ Microsoft Teems ઉપરાંત Facebook Live તેમજ Youtube Live પરથી પણ પ્રસારિત કરવામાં આવશે.

દરરોજ સાંજે વર્ચ્યુઅલ ક્લાસરૂમમાં પ્રસારિત થયેલ આ કાર્યક્રમની લીંક પણ મોકલવામાં આવશે. તેમજ SSA ની વેબસાઈટ ઉપર પણ આ લીંક મુકવામાં આવશે. જેથી આ લીંકથી જે વિદ્યાર્થીઓ પોતાની પાસે સ્માર્ટ ફોન ન હોય તો તેમને તેમના માતા–પિતાના મોબાઈલ ઉપર અનુકુળ સમયે આ પ્રસારણ નિહાળી શકશે. SSA ની વેબસાઈટ ઉપર ગમે ત્યારે ગમે તે તારીખના વિડિયો નિહાળી શકે તેવી વ્યવસ્થા કરવામાં આવેલ છે. જેથી વિદ્યાર્થીઓ ગમે ત્યારે પ્રસારણ જોઈ શકે.

આ પ્રસારણ સંબંધિત તમામ માહિતી આપના દ્વારા સરકારી, RMSA, મોડેલ સ્કુલ, મોડેલ ડે સ્કુલ, કે.જી.બી.વી., આદર્શ નિવાસી શાળા તેમજ ગ્રાન્ટેડ શાળાઓના વિદ્યાર્થીઓ સુધી પહોંચતી કરવા વિનંતી. ખાનગી શાળાના વિદ્યાર્થીઓ પણ Facebook Live તેમજ Youtube Live પર આ પ્રસારણ નીચેની લીંક ઉપર નિહાળી શકે છે.

Facebook: https://www.facebook.com/groups/homelearningstd10

Youtube: https://www.youtube.com/channel/UCj_MbJEpkmF6FNXPjyZV10A

સ્ટેટ પ્રોજેક્ટ ડાયરેક્ટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**બિડાણ :** (૧) માર્ગદર્શિકા, (૨) સમયપત્રક

**નકલ સવિનય રવાના જાણ સારૂ:**

- માન.સચિવશ્રી (પ્રા. અને મા.શિ.), શિક્ષણ વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- માન.ચેરમેનશ્રી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

**નકલ રવાના જાણ તેમજ યોગ્ય કાર્યવાહી અર્થે:**

- જિલ્લા પ્રોજેક્ટ કો–ઓર્ડિનેટર અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, જિલ્લા પ્રોજેક્ટ કચેરી, એસંએસએ, જિ. તમામ (મદદનીશ જિલ્લા કો. ઓ. – QEM, MIS, BRC, URC, CRC મારફત મોનિટરીંગ માટે)

E:\D\Doordarshan Home Learning\Home Learning Planning.docx

Scanned with CamScanner

Time Table of virtual classroom Std-9 & 10

| તારીખ | ધોરણ 9 | | ધોરણ 10 | |
|---|---|---|---|---|
| | 10.00 to 10.45am | 11.00 to 11.45pm | 10.00 to 10.45am | 11.00 to 11.45pm |
| | ગણિત | વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન |
| 21-07-2020 | પ્રકરણ 1- સંખ્યા પદ્ધતિ | પ્રકરણ 1- આપણી આસપાસમા દ્રવ્ય | પ્રકરણ 1-વાસ્તવિક સંખ્યાઓ | પ્રકરણ 1-રાસાયણિક પ્રતિક્રિયા અને સમીકરણ |
| 22-07-2020 | પ્રકરણ 1- સંખ્યા પદ્ધતિ | પ્રકરણ 1- આપણી આસપાસમા દ્રવ્ય | પ્રકરણ 1-વાસ્તવિક સંખ્યાઓ | પ્રકરણ 1-રાસાયણિક પ્રતિક્રિયા અને સમીકરણ |
| 23-07-2020 | પ્રકરણ 1- સંખ્યા પદ્ધતિ | પ્રકરણ 1- આપણી આસપાસમા દ્રવ્ય | પ્રકરણ 1-વાસ્તવિક સંખ્યાઓ | પ્રકરણ 1-રાસાયણિક પ્રતિક્રિયા અને સમીકરણ |
| 24-07-2020 | પ્રકરણ 1- સંખ્યા પદ્ધતિ | પ્રકરણ 1- આપણી આસપાસમા દ્રવ્ય | પ્રકરણ 1-વાસ્તવિક સંખ્યાઓ | પ્રકરણ 1-રાસાયણિક પ્રતિક્રિયા અને સમીકરણ |
| 25-07-2020 | પ્રકરણ 1- સંખ્યા પદ્ધતિ | પ્રકરણ 1- આપણી આસપાસમા દ્રવ્ય | પ્રકરણ 1-વાસ્તવિક સંખ્યાઓ | પ્રકરણ 1-રાસાયણિક પ્રતિક્રિયા અને સમીકરણ |
| 26-07-2020 | | | | |
| 27-07-2020 | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 5- જીવનનું મૂળભૂત એકમ | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 6-જૈવિક ક્રિયાઓ |
| 28-07-2020 | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 5- જીવનનું મૂળભૂત એકમ | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 6-જૈવિક ક્રિયાઓ |
| 29-07-2020 | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 5- જીવનનું મૂળભૂત એકમ | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 6-જૈવિક ક્રિયાઓ |
| 30-07-2020 | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 5- જીવનનું મૂળભૂત એકમ | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 6-જૈવિક ક્રિયાઓ |
| 31-07-2020 | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 5- જીવનનું મૂળભૂત એકમ | પ્રકરણ 2-બહુપદીઓ | પ્રકરણ 6-જૈવિક ક્રિયાઓ |
| | | | | |
| | | | | |

Scanned with CamScanner

1. માઈક્રોસોફ્ટ ટીમ્સ ડાઉનલોડ કરો.
2. રાજ્ય કચેરી દ્વારા ફાળવેલ યુઝરનેમ અને પાસવર્ડ દ્વારા લોગઇન થાવ.
3. ત્યારબાદ આપની ટીમ માં CHANNEL પર ક્લિક કરો
4. તેમાં MEET NOW બટન પર ક્લિક કરો તેમાં SCHEDULE MEETING પર ક્લિક કરી ક્લાસનું સેટઅપ કરો
5. ત્યારબાદ તેમાં વિષય, તારીખ અને સમય પસંદ કરી SEND બટન પર ક્લિક કરો.
6. JOIN બટન પર ક્લિક કરી ક્લાસ શરુ કરો.
7. તેમાં SHARE બટન પર ક્લિક કરી આપનું કન્ટેન્ટ શેર કરી શકો છો.
8. SHARE પર ક્લિક કરી WHITEBOARD બટન પર ક્લિક કરી ઉપયોગ કરો.

ક્રમાંક:માવિ.૬/વર્ચ્યુઅલ ક્લાસ/૨૦૨૦/૧૫૨૯૦
જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા, પાલનપુર
તા.૨૧/૦૭/૨૦૨૦

<u>૨/- નકલ રવાના જાણ તથા અમલસારૂં.</u>

NB
જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા, પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી,ગ્રાન્ટેડ, નોન-ગ્રાન્ટેડ મા. અને ઉ.મા. શાળાઓ તમામ,
જિ.બનાસકાંઠા

Scanned with CamScanner